# આસપાસ ચોપાસ




# ગામના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી 1965માં 5મી ફેબ્રુઆરીએ દૂધ મંડળીની શરૂઆત કરાઈ હતી

દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગંભીરા એટલે ગ્રામજનોની કરોજરજ્જુ સમાન પાયાની સંસ્થા છે. ગામની પ્રજાનો આર્થિક વિકાસનો શ્રેષ્ઠ સ્ત્રોત છે. ગામના જાગૃત દીર્ઘદ્રષ્ટિવાળા સ્વપ્નદ્રષ્ટાઓએ ગામના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી, હકારાત્મક દૃષ્ટિકોણથી વિચારી સદર સંસ્થાની સ્થાપના 1964માં 31મી ઓગષ્ટે કરવામાં આવી હતી. ગામના આગેવાનોએ સંસ્થા શરૂ કરવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ગામના સંનિષ્ઠ નાગરિકોના સહભાગીપણા અને કુશળ વહીવટને કારણે સમયકાળના પ્રવાહ સાથે આ સંસ્થા ગામમાં મુખ્ય બજારમાં તેના વિરાટ સ્વરૂપમાં વટવૃક્ષ સમાન અડીખમ ઊભી છે. શરૂઆતના સમયમાં ખુબ ઓછી સભાસદ સંખ્યાથી શરૂ થયેલી આ સંસ્થા સભાસદની મોટી સંખ્યાને સ્પર્શી ગઈ છે. જેમ જેમ સંસ્થા વિકાસની કેડીને કંડારતી ગઈ તેમ તેમ તેની ભૌતિક સુવિધામાં ફેરફાર કરવાની અનિવાર્યતા વધતી જણાઈ તેમ આ સંસ્થાનું નૂતન અદ્યતન ભૌતિક સુવિધા સંપન્ન મકાન નિર્માણ પામ્યું છે. જેમાં દૂધ સાચવવાનો વિશાળ "ટાંકો" લાવવામાં આવ્યો છે. સદર સંસ્થા દર વર્ષે લોકજન હિતાર્થે ગામની નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય આપી શિક્ષણને ઉત્તેજના આપતી રહી છે. સાથો સાથ જાહેર આરોગ્ય જાળવણી અંતર્ગત રાહત દરે દવાનું વિતરણ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન વગેરે ઉમદા કાર્યો કરી, ગામની અવિરત સેવાના કાર્યો પણ કરી રહી છે. સદર સંસ્થા સાચા અર્થમાં નક્કી કરેલા હેતુઓના લક્ષ્યને સર કરી ગામનું આભૂષણ બની રહી છે.

### દૂધ મંડળી વ્યવસ્થાપક કમિટી

અજયભાઈ પુંજાભાઈ પઢિયાર **ચેરમેનશ્રી**
અક્તિભાઈ ભાનુંભાઈ ગોહેલ **વા.ચેરમેનશ્રી**

**વ્યવસ્થાપક કમિટી સભ્ય**

આનંદબેન કમલેશભાઈ પઢિયાર
પ્રવિણભાઈ સોમાભાઈ પરમાર
તારાબેન ડાહ્યાભાઈ માછી
રણજીતભાઈ ફતાભાઈ પઢિયાર
વિજયભાઈ સુંદરભાઈ મહિડા
અરવિંદભાઈ બબુભાઈ પઢિયાર
મેલાભાઈ જીતુભાઈ પઢિયાર
બળવંતભાઈ હરમાનભાઈ ચાવડા
કનુભાઈ આશાભાઈ ડાભી

# શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી અનેક વિદ્યાર્થીઓએ ઉજ્જવળ કારકિર્દી બનાવી ગામને ગૌરવવંતુ બનાવ્યું છે




ગંભીરા ગામમાં કેળવણી મંડળ અને સરકાર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. સમાજમાં સંસ્કારનું સિંચન અભ્યાસ થકી કરી સમાજને ઉત્કૃષ્ઠ વ્યક્તિત્વ પ્રદાન કરવાનો છે. સ્થાપના સમયથી ગામમાં સ્કુલની સ્થાપના થઈ છે. જે હાલમાં પણ કાર્યરત છે. આજે આ સંસ્થા એક વટવૃક્ષ બની છે અને રાજ્ય કક્ષાએ ખ્યાતી મેળવી છે. ટ્રસ્ટ સંલગ્ન સંસ્થાઓના વિકાસ માટે તેમજ તેમની પ્રવૃતિઓને વેગ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. ટ્રસ્ટની સંસ્થાઓનો ગામ તેમજ આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓના લાભ મેળવે છે. શાળાઓમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત છે. જેમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધોરણ 11-12 કાર્યરત છે. બંને શાળા જરુરી સુવિધાથી સજ્જ છે. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત વસ્તુત્વ હરિફાઇ, ધાર્મિક સ્પર્ધા, મહેંદી પ્રવચન, વર્ગ સુશોભન, નિબંધલેખન સ્પર્ધા, જોડણી સુધારણા ઝુંબેશ, રંગોળી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, મહેંદી હરીફાઈ, તેમજ વૃક્ષારોપણ. સ્વતંત્રતા અને પ્રજાસતાક દિવસની ઉજવણી. સ્વચ્છતા અભિયાન, જન્માષ્ટમી મહોત્સવ, યોગ સાધના, ગૌરીવ્રતની ઉજવણી , શૈક્ષણિક પ્રવાસ જેવા વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવે છે. બાળકોને કોમ્પ્યુટરનું શિક્ષણ મળી રહી તે માટે શાળામાં કોમ્પ્યુટર સેન્ટર પણ કાર્યરત છે, જેમાં અનુભવી શિક્ષકો દ્વારા કોમ્પ્યુટરનું શિક્ષણ વિદ્યાર્થીઓ મેળવે છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં માટે દર વર્ષે વાર્ષિક પરિણામ આધારિત ઇનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવે છે.

**વર્ષ 1949માં 24મી જુનના રોજ પ્રાથમિક શિક્ષણની શરૂઆત લોકલ બોર્ડના સંચાલન હેઠળ કરવામાં આવીહતી**

ગામની શિક્ષણ વ્યવસ્થામાં આંગણવાડીથી લઇ ધોરણ ૮ સુધીની સરકારી પ્રાથમિક શાળા છે. ગામની પ્રાથમિક શાળામાં કમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં આશરે 1100થી વધુ પુસ્તકો છે. વાંચન માટે ખુબ સારા પ્રમાણમાં પુસ્તકો ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓને માટે ખૂબ જ ઉપયોગી સુવિધા ઉપલબ્ધ થયેલી છે. કન્યા કેળવણીનુ ગામમાં પ્રમાણ ઘણું સારૂ છે. રમત ગમત પ્રવૃત્તિ પણ ખૂબ સારી છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ હોવાથી ગ્રામજનો નિયમિત રીતે સારવાર નિદાનનો લાભ મળે છે. શાળા આરોગ્ય તપાસ નિયમિત થાય છે. શાળામાં એસએમસી કમિટીના નેતૃત્વમાં શૈક્ષણિક સહીત અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

# ગ્રામજનો વિવિધ તહેવારોની સમરસતાથી ઉજવણી કરે છે



ગંભીરા ગામમાં મુખ્ય ચોકમાં દેવ મંદિરો આવેલાં છે. ગામમાં પ્રવેશતા જ નયનરમ્ય મંદિર જણાય આવે છે. આ ઉપરાંત ગામમાં ભગવાન રામચંદ્રજીનું મંદિર, શ્રી મહાકાળી માતાજીનું મંદિર, શ્રી ભાથીજી મહારાજનું મંદિર આવેલા છે. ગામના દરેક મંદિરોમાં દરરોજ સવાર-સાંજ બંને સમયે પુજારીઓ અને સ્થાનિક રહીશો દ્વારા નિત્યક્રમ મુજબ પુજા-આરતી કરવામાં આવે છે. ગામમાં વસવાટ કરતા તમામ જાતિના લોકો ખુબ આસ્થા સાથે વર્ષ દરમ્યાન વિવિધ ધાર્મિક તહેવારોની ખુબ સંપ અને એકતાથી આસ્થા પૂર્વક ઉજવણી કરે છે. ગામમાં ઉજવાતા મુખ્ય તહેવારોમાં નવરાત્રી, દિપાવલી, નૂતનવર્ષ, જન્માષ્ટમી, રામનવમી, હોળી, હનુમાન જયંતિ વગેરે વાર તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ગામની તમામ જાતિના લોકો ઉપસ્થિત રહી આનંદ સાથે ઉજવણી કરે છે.

# તિર્થધામ અંબાજી - રામદેવરા પગપાળા પહોંચી ધ્વજારોહણ પરંપરા ગ્રામજનો જાળવી રહ્યા છે

ગંભીરા ગામના સેવાભાવી આગેવાનો દ્વારા નિયમિત રીતે અંબાજી રામદેવરા પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ યુવક મંડળ દ્વારા દર વર્ષે અંબાજી તિર્થધામ અને રામદેવરા ખાતે આવેલ દેવસ્થાન માટે સંઘનું આયોજન કરાય છે. પગપાળા યાત્રા સંઘમાં ગંભીરા ગામ સહિત આસપાસના ગામોના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ગંભીરા ગામમાંથી આયોજીત પગપાળા સંઘમાં જોડાઈને દર્શનનો લ્હાવો મેળવે છે. ભાદરવી પૂનમના મહામેળાના પર્વ નિમિત્તે દર્શન માટે 300 કરતાં વધુ શ્રધ્ધાળુઓ પદયાત્રાકરીને અંબાજી ખાતે પહોંચી જાય છે. જ્યારે રામદેવરા ખાતે પણ શ્રધ્ધાળુઓ પહોંચી જાય છે. ગામમાંથી પ્રસ્થાન થતા પગપાળા સંઘને સમગ્ર ગંભીરા ગામમાં પધરામણી કરવામાં આવે છે.. શ્રદ્ધાળુઓ તિર્થધામના મંદિરે ધજા રોહણ કરી ધન્યતા અનુભવે છે. ગામમાંથી ખુબ ઉત્સાહ સાથે શ્રદ્ધાળુ નાગરિકો ગામના પગપાળા સંઘના યાત્રીકોને ડી.જે. અને અબીલ ગુલાલના છોળો સાથે ખુબ ભાવથી પ્રસ્થાન કરાવે છે. પગપાળા સંઘના યાત્રીકો દિવસ અને રાત્રીના ઉતારા દરમ્યાન દરરોજ નિયમિત રીતે પુજા-આરતી અને ગરબાનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવે છે. યાત્રીકો સતત 8 થી 10 દિવસની પદયાત્રા કરીને તીર્થધામ પહોંચે છે. પગપાળા સંઘના પ્રસ્થાન માટે દરેક વર્ષે ગામના આગેવાનો ઉપરાંત જિલ્લા, તાલુકાના આગેવાનો હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહી પગપાળા સંઘની શોભાયાત્રામાં જોડાઈને આરતી, પૂજા, દર્શનનો લ્હાવો મેળવે છે.

**ગંભીરા ગામ સહિત આસપાસના ગામોના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં પગપાળાસંઘમાંજોડાઈને દર્શનનો લ્હાવો મેળવે છે**

## યુવાનોની દિર્ઘદ્રષ્ટિને કારણે ગામમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ થાય છે

ગંભીરા ગામ યુવા સંગઠનની અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે ખુબ જ જાણીતું છે. સંગઠનના યુવાનો લોકહિત માટે ખૂબ સારુ કામ કરે છે. પૌરાણિક મંદીરોનો જીર્ણોધ્ધાર ગ્રામજનોની સખાવત અને યુવાનોની જહેમતથી થયા છે. ગામના તમામ લોકોની ઉપસ્થિતિમાં દર વર્ષે વિવિધ મંદીરોના પાટોત્સવ પણ ધામધૂમથી ઉજવાય છે. ગામમાં કોઈ જ પ્રકારની હુંસાતુંસી ક્યારેય પણ થયેલ નથી. યુવાનોની એકતા માટે ગંભીરા ગામ પંથકમાં ખુબ જ જાણીતુ બન્યુ છે. શિક્ષિત યુવાનોની દિર્ઘદ્રષ્ટિને કારણે ગામમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી લોકહિતની કામગીરી કરાય છે. યુવાનો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં જનસેવા, સ્વચ્છતા અભિયાન, રોગનિદાન શિબિર, વૃક્ષારોપણ, સહિતની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. યુવાનોની જાહેરહીતની પ્રવૃત્તિઓમાં ગ્રામજનો પણ ઉત્સાહ પૂર્વક જોડાય છે. દરેકે દરેક યુવાનો ખભેખભા મિલાવી ગામના તમામ પ્રસંગોમા મદદરુપ થાય છે. રાજકીય ક્ષેત્રમાં ગામનો કોઈ વ્યક્તિ છેલ્લા ઘણા વર્ષોથી ઉચ્ચ હોદ્દેદાર ના હોવા છતા ગામનો સારો એવો વિકાસ આ યુવાનોને આભારી છે.



# રસ્તા, પાણી, આવાસની વ્યવસ્થા સાથે ગામ પ્રાથમિક સુવિધાઓ સાથે જન સુખાકારી ક્ષેત્રમાં અવ્વલ નંબરે છે

ગામના પાદરે અગાઉ પાણી વ્યવસ્થાની સાક્ષી સમાન કૂવો પણ પણ ખુબ જાણીતો છે. વર્ષો પહેલાં ગામની તમામ જાતિના લોકો એકમાત્ર આ કૂવાનુ જ પાણી પોતાના રોજિંદા ઉપયોગમાં કરતા હતા. બાદમાં સમયાંતરે બદલાવ આવતાં ઘરે ઘરે નળ સાથે પાણીની સુવિધા ઉપલબ્ધ છે.


ગામમા લગભગ દરેક વિસ્તાર બ્લોક અથવા આરસીસી રોડની સુવિધા ધરાવે છે . ગંભીરા ગામે વિવિધ જાતિ સમુદાયના સમાજના લોકો પણ રહે છે. કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેક ફળિયામા બ્લોક અને ગટરની વ્યવસ્થા ઉભી કરવામા આવી છે. ગામના લોકોને પીવાનું શુધ્ધ પાણી નિયમિત મળી રહે તેવી વ્યવસ્થા ગ્રામ પંચાયત દ્વારા જાળવવામાં આવે છે. આગામી દિવસોમા ગામના લોકોને જન સુખાકારી માટે વિવિધ સુવિધા મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

ગામના મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલનથી જીવન નિર્ભર કરે છે. ગામમા માધ્યમિક શિક્ષણ કરતાં વધુ ઉચ્ચ શિક્ષણ ધરાવતા યુવક-યુવતીઓ ગણ્યા ગાઠ્યા છે. જેથી ગામમાંથી સરકારી નોકરિયાત વર્ગની સંખ્યા ખૂબ જ ઓછી છે. ગામ નાનું હોવા છતા જરૂરીયાત મુજબની તમામ સુવિધાઓ ઉપલબધ છે.

### ગ્રામ પંચાયતના સુકાનીઓ

**મીનાબેન લાલજીભાઈ પઢિયાર સરપંચ**

**રણજીતભાઈ એફ. પઢિયાર ઉપ સરપંચ**
**ચિરાગભાઈ નિઝામા સભ્ય**
**સિતાબેન સી. પઢિયાર સભ્ય**
**રેખાબેન એસ. પઢિયાર સભ્ય**
**વિમળાબેન એફ. પઢિયાર સભ્ય**
**કિન્નરીબેન એસ. પઢિયાર સભ્ય**
**શંભુભાઈ એસ. પટેલ સભ્ય**
**મહેશભાઈ જે. પઢિયાર સભ્ય**
**લતાબેન પી. પઢિયાર સભ્ય**
**જ્યોત્સનાબેન બી. પઢિયાર સભ્ય**



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)